કમિશ્નર, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ગુજરાત સરકાર
ઈમેલ: ag-auction-cg-cgm@gujarat.gov.in

સંદર્ભ નં: CGM/Minor/Block/GNT/CUD/001 તા.: ૧૩ માર્ચ, ૨૦૧૮

## નોટીસ ઇન્વાઈટીંગ ટેન્ડર

"ગ્રેનાઇટ ખનિજની ક્વોરી લીઝ મંજુર કરવાના હેતુઓ માટે બિડ આમંત્રણ"

ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ ૧૯૫૭ ની કલમ-૧૫ થી મળેલી સત્તાની રૂએ અને તેની અંતર્ગત પ્રસિધ્ધ થયેલ ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ ની જોગવાઇઓ મુજબ ગુજરાત સરકારે ઇલેક્ટ્રોનિક હરાજી માટે ૦૫ (પાંચ) **ગ્રેનાઇટ ખનિજ** બ્લોક તૈયાર કરેલ છે અને ક્વોરી લીઝ મંજુર કરવાના હેતુઓ માટે બિડ આમંત્રિત કરે છે.

ઈલેક્ટ્રોનિક હરાજીમાં ભાગ લેવા માટે પાત્રતા, તારીખ અને સમય, નિયમો અને શરતો ટેન્ડર ડોક્યુમેન્ટમાં પુરી પાડવામાં આવશે. ખનિજ બ્લોકોની ઇ-હરાજી પ્રક્રિયા માટે સમયરેખા, જાહેરનામુ, અદ્યતન માહિતી અને અન્ય વિગતો સહિત વિગતવાર ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઇલેક્ટ્રોનિક સ્વરૂપે જ ઉપલબ્ધ રહેશે અને તે (n) કોડ સોલ્યુશન્સ – (જીએનએફસી લિમિટેડનો એક વિભાગ) ની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે (https://cgm-eauction.nprocure.com).

રસ ધરાવતા બિડર્સ ઇ-હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઉપરના ઈ-હરાજી પોર્ટલ પર જરૂરી લોગિન આઈડી અને પાસવર્ડ મેળવવા માટે તા. ૨૦ માર્ચ, ૨૦૧૮ થી પોતાની નોંધણી કરાવી શકે છે. મોડેલ ટેન્ડર ડોક્યુમેન્ટ અને મિનરલ બ્લોક સમરી ઉપરના ઇ-હરાજી પોર્ટલ પર નિ:શુલ્ક ઉપલબ્ધ થશે.

ઈ-હરાજી પોર્ટલ પ્રોવાઈડરની વેબસાઇટ પર તા. ૨૬ માર્ચ ૨૦૧૮થી ટેન્ડર દસ્તાવેજના વેચાણ શરૂ થશે, જે દરેક ખનિજ બ્લોકની સામે નીચે જણાવેલ ટેન્ડર ફીની ચુકવણી કર્યા બાદ મેળવી શકાય છે.
ઈ-હરાજી માટેના ખનિજ બ્લોકોની યાદી:

| અનુ નં | ખનિજ બ્લોકનુ નામ | સ્થળ (ગામ,તાલુકો,જિલ્લો) | વિસ્તાર (હેક્ટરમાં) | ખનિજનુ નામ | ખનિજનો ઉપલબ્ધ અંદાજિત જથ્થો (ટનમાં) | ટેન્ડર ડોક્યુમેન્ટની ફી (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|
| ૧. | જીએચ ૧ | ધુટનવડ, જેતપુર પાવી, છોટાઉદેપુર | ૩.૦૬૦૦ | ગ્રેનાઇટ | ૧૫,૨૬,૮૦૦ | ૨,૦૦,૦૦૦ |
| ૨. | જીએચ ૨ | ધુટનવડ, જેતપુર પાવી, છોટાઉદેપુર | ૩.૦૬૦૦ | ગ્રેનાઇટ | ૨૦,૯૫,૫૫૬ | ૨,૦૦,૦૦૦ |
| ૩. | જીએચ ૩ | ધુટનવડ, જેતપુર પાવી, છોટાઉદેપુર | ૩.૦૬૦૦ | ગ્રેનાઇટ | ૨૨,૮૯,૦૫૧ | ૨,૦૦,૦૦૦ |
| ૪. | જીએચ ૪ | ધુટનવડ, જેતપુર પાવી, છોટાઉદેપુર | ૩.૦૬૦૦ | ગ્રેનાઇટ | ૯,૯૪,૩૫૨ | ૨,૦૦,૦૦૦ |
| ૫. | જીએચ ૫ | ધુટનવડ, જેતપુર પાવી, છોટાઉદેપુર | ૩.૦૬૦૦ | ગ્રેનાઇટ | ૩,૩૬,૦૯૫ | ૫૦,૦૦૦ |

કમિશ્નર, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ